THE NAWANAGAR CO-OP BANK LTD
MAIN BRANCH
JAMNAGAR - 361005
GUJ/SOS/AUTH/AV/113/2006

37577 SPL. ADH गुजरात
118277 DEC 26 2017
14:36
Rs.0000100/-PB5511
STAMP DUTY GUJARAT

NOTARY
N. M. SAKARIYA
DIST. JAMNAGAR
STATE OF GUJARAT INDIA
REG. NO.NTR 1210
VALID UP
DT- 8/2/2020
GOVERNMENT OF GUJARAT INDIA

<u>સોગંદનામા સહ ઘોષણાપત્ર</u>

શ્રીમતી **હંસાબેન જે. ઘેટીયા**, શિવમ એપાર્ટમેન્ટના પ્રયોજક દ્વારા તેમના તાઃ ૩૦–૧૧–૨૦૧૭ ના અધિકૃતિ ખત અન્વયે અધિકૃત વ્યકિતનું સોગંદનામા સહ ઘોષણાપત્ર.

આથી, હું **હંસાબેન જે. ઘેટીયા** શિવમ એપાર્ટમેન્ટના પ્રયોજક દ્વારા અધિકૃત વ્યકિત ગંભીરતાપૂર્વક જાહેર કરી, જવાબદારી સ્વીકારી નીચે મુજબ જણાવું છું કે,

(૧) અમો દ્વારા જે જમીનમાં શિવમ યોજનાનો વિકાસ કરવાનો છે તેનો અમોને કાનૂની માલિકી હકક છે.

અને

આવી જમીનનો માલિકી હકક દર્શાવતા કાયદેસર રીતે માન્ય પ્રમાણિકરણ સાથે તેના માલિક અને પ્રયોજક વચ્ચેના સ્થાવર મિલકત યોજનાના વિકાસ માટેના કરારની પ્રમાણિત નકલ આ સાથે જોડેલ છે.

(૨) સદર જમીન બધા જ પ્રકારના બોજાથી મુકત છે.

(૩) અમોએ આ યોજના તાઃ ૩૧–૭–૨૦૧૮ સુધીના સમયગાળામાં પૂર્ણ કરવાની છે.

(૪) વેચાણ લેનાર પાસેથી સમયાંતરે સ્થાવર મિલકત યોજના માટે મળેલી રકમના ૭૦% રકમ અમો બાંધકામના ખર્ચને અને જમીનની કિંમતને પહોંચી વળવા માટે રાષ્ટ્રિયકૃત બેન્કમાં એક અલગ ખાતામાં જમા કરાવશું, અને તે હેતુ માટે જ ઉપયોગમાં લઈશું.

(૫) યોજનાના ખર્ચને પહોંચી વળવા માટે યોગ્ય પૂર્ણતાની ટકાવારીના પ્રમાણમાં જ આ અલગ ખાતામાંથી રકમ ઉપાડવામાં આવશે.

(૬) માન્ય સ્થપતિ, ઈજનેર અને ચાર્ટડ એકાઉન્ટન્ટ કે જે પ્રેકટીસ કરતા હોય, તેઓ પ્રમાણિત કરે તે પછી જ આ અલગ ખાતામાંથી રકમ ઉપાડવામાં આવશે અને આવો ઉપાડ યોજના પૂર્ણતાની ટકાવારીના પ્રમાણમાં હશે.

(૭) અમો, માન્ય ચાર્ટડ એકાઉન્ટન્ટ પાસે દરેક નાણાંકીય વર્ષના અંત પછીના છ મહિનાની અંદર યોજનાના હિસાબો ઓડિટ કરાવી લઈશું, અને આવા માન્ય ચાર્ટડ એકાઉન્ટન્ટે પ્રમાણિત અને સહી કરેલ હિસાબો રજુ કરીશું, અને ઓડિટર દ્વારા ચોકકસ યોજના માટે મેળવેલી રકમ ખરેખર તે યોજના માટે ઉપયોગમાં લીધી છે, અને આવો ઉપાડ યોજના પૂર્ણતાની ટકાવારીના પ્રમાણને અનુરૂપ છે કે કેમ તેની ઓડિટ દરમ્યાન ચકાસણી કરવામાં આવશે.

(૮) અમો બધી બાકી પરવાનગી, સક્ષમ સત્તા પાસેથી સમયસર મેળવી લઈશું.

(૯) અમો દ્વારા આ અધિનિયમ હેઠળ કરાયેલા નિયમો અને વિનિયમોમાં ઠરાવવામાં આવેલ છે તેવા અન્ય દસ્તાવેજો રજૂ કરાયેલ છે.

**સોગંદનામું કરનાર**

<u>**એકરાર**</u>

અમારા ઉપર મુજબના સોગંદનામા અને ઘોષણાપત્રની વિગતો સત્ય અને સાચી છે અને તેમાં અમોએ કોઈપણ વિગતો છૂપાવી નથી.

તારીખ ૨૬ માહે ડીસેમ્બર વર્ષ ૨૦૧૭ ના રોજ અમોએ એકરાર કરેલ છે.

**સોગંદનામું કરનાર**



SOLEMNLY AFFIRMED BEFORE ME

N. M. SAKARIYA

NOTARY

No. 12778/17 Dt 26 DEC 2017